સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

જાહેરાતો અને વેચનોની બફાઇ મારે છે,
પછી, એ કેમ કરવું એની વફાઇ મારે છે,
ડફાઇ તો મારે છે મોટી મોટી, આયોજનની -
હવે 'બસો વર્ષ' ના પ્લાનની સફાઇ મારે છે..
(ગંગા સફાઇના બણગા)

એકૌંટ ખૂલ્યા,
આશા તો ઉગી, પણ -
સિંચશે કોણ?!
(વિમાવાળા એ હાથ ઝાટક્યા)

'સુપ્રીમ' સત્તા
પકડાવે અંગૂઠા -
સરકારને..
(ઠપકા ને સલાહ)

ચિંતન

અયુક્તં સ્વામિનો યુક્તં યુક્તં નીચસ્ય દૂષણમ્ । અમૃતં રાહવે મૃત્યુર્વિષં શંકરાભૂષણમ્ ॥

સમર્થ અને શક્તિમાન પુરૂષ-રાજા-નેતા યદિ કોઇ અનુચિત કાર્ય કરે તો પણ તેને ઉચિત જ ગણવામાં આવે છે, પરંતુ કોઇ નીચી કક્ષા કે ઉતરતી કક્ષાની વ્યક્તિ ઉચિત કાર્ય કરે તો પણ તેને અનુચિત જ ગણવામાં આવે છે.

દાખલા તરીકે સમુદ્રમંથન કરતાં નીકળેલું અમૃતનું પાન રાહુએ કર્યું તો એ એને માટે મૃત્યુનું કારણ બની ગયું પણ એ જ સમુદ્ર મંથનમાંથી જયારે હલાહલ ઝેર નીકળ્યું અને શંકર ભગવાને તે પીધું તો એના કંઠની શોભા થઇ ગઇ 'નીલકંઠ' કહેવાયા..

આપણામાં એક કહેવત છે કે 'સમરથ કો દોષ નહી ગોસાંઇ' - યુવાન વારંવાર અરિસા સામે ઊભા વાળ ઓળે પોતાનું યૌવન કેવું ખિલ્યું છે એ જોયા કરતો હોય ત્યારે મા-બાપ અને ટોકતાં હોય છે. એ તદ્દન સ્વાભાવિક છે છતાંય એને 'ખરાબ' ટેવ સમજવામાં આવે છે.

જયારે તુલસીદાસજી રામચરિતમાં લખ્યું છે કે દશરથજીએ ભરી સભામાં મોટો અરિસો જોઇ કાન પાસેનાં સફેદવાળની લટ સરખી કરી!!

સુવિચાર

- છતાં પણ ચાલનારાને બહુ તકલીફ લાગે છે, જુઓ તો ખાસ ગીરદી નથી.., ઇશ્વર તરફ જતાં રસ્તા પર **- મરીઝ**
- સરળતાથી સહેલાઇથી મળી જતા ઉત્તરોને શંકાની નજરથી જોવાની ટેવ પાડો **- સંત એડવીન**
- 'કડવાશ' ઇર્ષ્યા કે નિરાશામાં રહેવા કરતાં જે ખુશીની ક્ષણો પ્રાપ્ત થઇ છે એને સ્વજનો જોડે વહેંચ્યા કરો **- જનકલ્યાણ**
- મફતનો રોટલો, નવરાશનો ઓટલો, રોગનો ખાટલો એ ત્રણેય સગા ભાઇઓ છે. એમની સગીબહેનનું નામ છે 'ગરીબી' આ ચારેય સંતાનોની માતાનું નામ આળસ છે **- એસ. ભટ્ટાચાર્ય**
- મને તો પ્રાર્થનાથી બળ મળે છે, આશ્વાસન મળે છે, હિંમત, નિર્ભયતા મળે છે, હું થરથરતો હોઉં તો પ્રાર્થના શબ્દો મને કામળો બની વિંટળાઇ વળે છે **- સુરેશ દલાલ**
- સદા સદાચાર સુશીલ શૌર્યની, ઘરેઘરે વાત થતી રહે જયાં, સંતાન એવા શૂરવીર પાકે, બની રહે તે શણગાર દેશનાં **- મુનિ પદ્મસૂરિજી**
- પોલાદી સમસ્યાઓને કારણે મરણતોલ થયેલી ચેતનાને હાસ્ય અને રમૂજ સજીવન કરે છે **- રમેશ પુરોહિત**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આપણી પ્રાર્થનાઓ - દેવદર્શન-પૂજામાં પણ દંભ હોય છે. ૧૦૦ ઉંદરો માર્યા પછીની હજયાત્રા જેવી ભેળસેળ-જોખવામાં દગાબાજી પછી મંદિરે અને દેરાસરમાં જઇ ભગવાન પાસે 'માફી' માગી લેવાથી કંઇ ભગવાન માફ નથી કરી દેતો!

યહુદી સંત સિમ્સા બુનેનની પડોશમાં જ આવો એક દુરાચારી વેપારી રહેતો હતો વેપારમાં દગો મિલાવટ છેતરપીંડી એની રોજની જીવની થઇ ગઇ હતી. સંત એને પાઠ ભણાવવા ઇચ્છતા હતા. વેપારીને શતરંજનો શોખ હતો. સંત બુનેને એને શતરંજ રમવા નિમંત્ર્યો.

રમત શરૂ થઇ. બૂનેન ઇરાદાપૂર્વક ખોટી ચાલ ચાલ્યા. વેપારીએ એને ચેતવ્યા. બુનેને એ મ્હોરાં પાછું ઉપાડી લઇ ચાલ સુધારી લીધી.

ફરી થોડીવારે બુનેન ઇરાદાપૂર્વક ખોટી ચાલ ચાલ્યા અને વેપારીએ ચેતવ્યા.

પણ ત્રીજી વાર વેપારી ગુસ્સે થઇ ગયો. આમ દરેકવાર તમે ખોટી ચાલ ચાલો છો અને હું તમને માફ કરી દઉં એવી અપેક્ષા રાખો છો તે યોગ્ય નથી..

સંત તરત ઉભા થયા. મિત્ર હું તને એ જ સમજાવવા માગું છું તારી રોજની ખોટી ચાલ, ઇશ્વર તને રોજ એકવાર મંદિર જાય એટલામાં કંઇ માફ નહીં કરે!

વેપારી બુનેનની વાત યથાર્થ રીતે સમજી ગયો.

Email - sureshchandrabhatt18@gmail.com

બહુરૂપીને જોઇને તો નિરાલી ખુશ ખુશ, પાછા એક નહીં, ત્રણ બહુરૂપી હતા. એક સાધુના વેશમાં, એક હનુમાનજીનાં વેશમાં અને એક મદારીના વેશમાં, ત્રણે જાતજાતનાં સંવાદ બોલે, એકશન કરે, ભાવમુદ્રાઓ બદલ્યા કરે, નિરાલી તો એકદમ ધ્યાનથી જોતી રહી

નટખલ નિરાલી
(બાળ વાર્તાસંગ્રહ - લઘુ બાળનવલ)
બહુરૂપી બનવાની મજા

- પ્રજ્ઞા એ. પટેલ

મમ્મી-પપ્પાને તો નિરાલી બહુ જ વ્હાલી. પોતાનું બાળક બધા માબાપને વ્હાલું હોય એમ જ. પણ નિરાલીની તો વાત જ જુદી છે. ઘરમાં વર્ષો પછી બાળકનું આગમન થયેલું. દાદા-દાદી, નાના, નાની, અનુ ફોઇને એ લાડકી. જે ઘરે આવે, જેટલા સગાંસંબંધી એ બધાંને નિરાલી વ્હાલી લાગવા માંડે એવી.

નાની હતી ત્યારથી જ એ એલગ પ્રકૃતિની, લગભગ આખો દિવસ એ ઊંઘતી રહે અને રાત પડે એટલે એનો દિવસ શરૂ થતો. રાતે જાગતી રહે, બધાંને જગાડતી રહે. ટગર ટગર લાઇટ સામે જોયાં કરે. મમ્મી-પપ્પા, દાદા-દાદી, અનુને વારા રાખવા પડતા, નાનકડી નિરાલી સાથે રાતભર જાગવાના, એને રમાડવાના. એ આઠ-નવ મહિનાની થઇ ત્યાં સુધી આવી રાતપાળી ચાલી હતી.

ફુલાવેલા ફુગ્ગા જેવા ગાલ, પાણીદાર આંખો, સતત ખીલું ખીલું થતો ચહેરો, ગોળમટોળ શરીર... બધાં એને ભદો જ કહેતાં. પરાણે રમાડવાનું ન થાય એવી. બહુ રડતી નહીં, રહે ત્યારે આખી સોસાયટી ભેગી થાય, એટલું મોટેથી રડે. ઘોડિયામાં સૂઇ જાય ત્યારે મમ્મીની સાડી ફાડીને બનાવેલો એક કપડાનો કટકો તો એને મોં પર મૂકવા જોઇએ જ જોઇએ, બીજું કપડું આપો તો તરત દૂર હડસેલી દે.

બીજા બાળકો એક વર્ષ સુધીમાં તો ચાલતાં થઇ જાય ત્યારે આ બહેન તો ભાંખોડિયાં પણ નહોતા ભરતાં. ખૂબ પ્રયત્ન કરેલો પણ એ ભાંખોડિયા ન જ ભરતી. બેઠી બેઠી ઘસડાઇને ખસતી. એ રીતે આખા ઘરમાં ફરી વળતી. મમ્મી-પપ્પાને ચિંતા રહેતી, આ ક્યારે ચાલતાં શીખશે? દોઢ વર્ષે ભદો ચાલતો થયેલો, સીધું ચાલતાં જ શીખી. પહેલાં વસ્તુઓ પકડીને ટેકે ઊભી રહેતી, પાપા પગલી ચાલતી થયેલીં.... પણ પછી તો હળુ હળુ પગલે દોડવા જ માંડેલી. નિરાલી બોલતાં પણ મોડું શીખેલીં. શરૂમાં તો એકાક્ષરી અક્ષર શબ્દો જ બોલતી... પા.. મા.. ભૂ.. દા.. બા.. મમ્ .. આપ.. લે... અને જેવું ચાલતાં શીખી, એ સાથે એની જીભ પણ ખૂલી ગયેલી.

મમ્મી-પપ્પાને ખૂબ ચિંતા રહેતી. આ બાળકીનો વિકાસ કંઇક જુદી જ રીતે થઇ રહ્યો છે... શરૂમાં મંદ વિકાસ પછી એકદમ ઝડપી એની ઉંમરના બાળકો કરતાં એની ગ્રહણ શક્તિ ખૂબ ઝડપી ને સતેજ. નિરીક્ષણ એ તરત કરવા માંડતી, એ કોઇ પણ કામ હોય.

ત્રણ વર્ષની થતાં સુધીમાં તો એ આખા ઘરને, સોસાયટીને ગજવતી થઇ ગયેલી. ગમે તેના ઘેર પહોંચી જાય, રમી-જમી આવે, કોઇની પણ આંગળી પકડી બહાર આંટો મારી આવે. સીડીનાં પગથઇયાં ચડવા-ઊતરવાની એને બહુ મજા આવે. ગમે તેના ધાબામાં ચડી જાય. મમ્મી, દાદીમા એને શોધતાં નીકળે, ક્યારેક વળી કોઇ પાડોશી ફોસલાવીને ઘેર મુકી જાય. કીડી - મંકોડા તો જોયા નથી કે હાથમાં પકડે. હાથ પહોંચે એ બધી વસ્તુઓ નીચે ઉતારી, જોયા-રમ્યા કરે. રસોડામાં એનું ખાસ ધ્યાન રાખવું પડતું. એક વાર ગરમ ગરમ તપેલી હાથમાં પકડી બેઠેલી. નિરાલીને કોઇ રાખે ત્યારે જ રસોઇ કરી લેતી. એક વાર તો રમતાં રમતાં વરંડામાં પાણીની ઉઘાડી ટાંકીમાં ગબડી પડેલી... વાત એવી હતી કે કોઇનાથી પાણીની ટાંકીનું ઢાંકણું ભૂલમાં ખુલ્લું રહી ગયું હશે... બહેનનો બોલ ટાંકીમાં ને બહેન લેવા ગયાં... ત્રણ દિવસ એને હોસ્પિટલ રાખવી પડેલી. ત્યારે તો ઘરનાં બધાંનો જીવ ઊંછા થઇ ગયેલા. પછી તો દાદાએ એ ભૂગર્ભ ટાંકી આગળ લોખંડની જાળી જ કરાવી દીધી હતી.

નિરાલીની મોટી તકલીળ એ જ કે એ એક જગ્યાએ ઝાઝુ જંપીને બેસી ન શકે. હાથ-પગ-જીભ કંઇક ને કંઇક કામમાં - પ્રવૃત્તિમાં લાગેલાં જ હોય. કદી દાદાના ચશ્મા પહેરીને બેસી જાય, કદી દાદીનાં કપડાં સંતાડી દે, કદી પાપાના બૂટ પહેરીને ચાલવા માંડે, કદી ફોઇનું પર્સ ખભે લટકાવી ફર્યા કરે. ને મમ્મીનાં તો બધાં કામમાં એને જોડાવું હોય.

'મમ્મી, મને રોટલી વણવા દે ને... મમ્મી હું શાક સમારું... મમ્મી મારે પણ કપડાં દોવા છે... તું ભણવા બેસ, હું તને ભણાવું... મમ્મી માટે પણ કોમ્પ્યુટર પર કામ કરવું છે, તારી જેમ મારે પણ સંગીત શીખવું છે...' એની કાલીઘેલી વાતો, ઇચ્છાઓનો કોઇ અંત જ નહીં.

અમીબહેન શરૂમાં તો નોકરી કરતાં હતા, નિરાલીના જન્મ પછી છોડી દીધી હતી. એક-બે કંપનીના પ્રોજેક્ટનું, હિસાબનું કામ ઘરે કરતાં, સાથે સંગીત પણ શીખતાં, હાર્મોનિયમ, તબલાં, સિતાર ઘરે વસાવેલાં. નિરાલી ડાહી થઇને મમ્મી પાસે બેસી જાય, પછી મમ્મી આઘીપાછી થાય કે તરત એ હાર્મોનિયમ સ્વીચો ચપોચપ દબાવવા મંડી પડે, તબલા પર દે ધનાધન... આંગળીઓ - હથેલીની થાપો મારે, સિતારના તારને ઝણઝણાવી દે... ઘણી વાર સિતારના તાર તૂટી જાય... હાર્મોનિયમ બેસુરું બની જાય...

'મમ્મી, ભૂલ થઇ ગઇ... હવે એવું નહીં કરું બસ!' એવી મિઠાશથી બોલે કે મમ્મી શિરાના કોળિયાની જેમ ગુસ્સો ગળી જાય.

વૃક્ષો તો જુએ કે એના પર ચડવાની કોશિષ કરે. ઘણીવાર હાથ-પગ છોલાઇ જાય. ક્યારેક તો જાતે જ દવા લગાવી દે ને ફરી એની રમતમાં ખોવાઇ જાય. નિરાલીની એ ખાસિયત... કદી ઘેર આવીને કશી ફરિયાદ ન કરે, રડતી રડતી કદી ઘેર ન આવે. એની જેવડા એના મિત્રો સાથે હોય તો ઠીક, નહીં તો એકલી એકલી રમ્યા કરે. દાદા-દાદી, અનુ ફોઇ હોય તો એમની સાથે - ઘરમાં એ ત્રણ પાક્કા દોસ્ત.

'દાદા, મારે મોટા થવું છે, તમારા જેવડી.'

'વારે ઘડીએ, વાતવાતમાં સાચ્ચે જ હું બહુ નાનકી છું?' દાદા એને ધારી ધારીને જોઇ રહે, પછી કહે... થોડા નીચા નમી, નીચે બેસીને...

'ના રે, તારી આગળ તો હું સાવ નાનકડો લાગું છું... જો... તો... તું તો બહુ મોટી છે...' દાદા એને સ્ટુલ પર ઊભી કરી દેતાં.

'હં...અહીંથી તો ઘરની બધી જ વસ્તુઓ ચોખ્ખી દેખાય છે... આમ ઊંચેથી જોવું કેટલું સરસ લાગે છે!'

'દાદા, તમે આવડા મોટા ને હું નાનકી કેમ? દાદા પણ મોટાં... મમ્મી-પપ્પા તો... શું કહેવાય? આપણને બધાને સાચવે છે એટલે મોટાં જ કહેવાય ને! તો પછી હું જ નાનકી કેમ?'

'ચાલ, ચાલ, બહાર બહુરૂપી આવ્યો છે, તારે જોવો છે ને?'દાદીમાએ એને બહાર લઇ જતાં કહ્યું.

બહુરૂપીને જોઇને તો નિરાલી ખુશ ખુશ. પાછા એક નહીં, ત્રણ બહુરૂપી હતા. એક સાધુના વેશમાં, એક હનુમાનજીનાં વેશમાં અને એક મદારીના વેશમાં. ત્રણે જાતજાતનાં સંવાદ બોલે, એકશન કરે, ભાવમુદ્રાઓ બદલ્યા કરે. નિરાલી તો એકદમ ધ્યાનથી જોતી રહી. ખુશ થઇને તાલી પાડી ઉઠતી. બહુરૂપીનો ખેલ પૂરો થયો ને દોડતી જઇ એ તપેલી ભરી અનાજ લઇ આવી. એમને આપ્યું. ઘેર જઇને એ જીદ પકડીને બેઠી.

'મારે પણ બહુરૂપી બનવું છે... હાલ ને હાલ જ...'

'બેટા તારાથી બહુરૂપી ન બનાય.' 'પણ કેમ ન બનાય? એ પણ માણસ જ હતા ને! બસ, મારે બહુરૂપી બનવું છે, મને એવા ડ્રેસ જોઇએ એટલે જોઇએ...'

'બેટા, એમને રહેવા ઘર ન હોય, ખાવા અનાજ ન હોય એટલે આવા વેશ કરી અનાજ - પૈસા ઉઘરાવે... તારે તો મસ્ત મજાનું ઘર છે... આપણે એવું ન કરાય.'

'પણ કેમ ન કરાય? હું પણ સોસાયટીમાં ખેલ કરવા જઇશ...'

'એક વાર તને ના પાડી ને! ન કરાય એટલે ન કરાય... બહુરૂપી તો કંઇ બનવાની ચીજ છે?' પપ્પા થોડા ગુસ્સે થઇ ગયેલા.

'બેટા, કાલે તારા માટે શોપિંગ કરવા જઇશું... સરસ મજાનું જીન્સ પેન્ટ ને ટી-શર્ટ લઇ આવીશું... હોં... ' મમ્મીએ મસજાવવાની કોશિશ કરી.

'પણ મારે તો બહુરૂપી જ બનવું છે, મને કંઇ ન જોઇએ.' નિરાલી એની વાતમાં અડગ.

'બેટા, એવાં કપડાંને વસ્તુઓ બજારમાં ન મળે. ક્યાંથી લાવવાં? દાદાએ જુદી રીતે સમજાવવા માંડી.'

'હું કંઇ ન જાણું. મને સાધુજી જેવો ઘંટ, એવી દાઢી, ચીપિયો ને તંબૂરો... પેલ્લી લાંબી લાંબી પૂંછડી, મદારી, જેવી લુંગી ને એવો જ ટોપલો જોઇએ..'

બધાંએ એકબીજા સામે જોયું. નિરાલી નહીં જ માને. સાંજનું જમવાનું જલદી પતાવી બધાં કામે લાગી ગયાં. જાતજાતની વસ્તુઓ ભેગી કરી... ઘરમાં સીવણ વર્ગ શરૂ થયો. જેને જેવું આવડ્યું એવું સીવ્યું, વેશ તૈયાર કર્યા... નિરાલીબેન મદારીના વેશમાં. સરસ શોભતી હતી...

'ચલો બચ્ચોં, બૈઠ જાઓ, એમ આડાઅવળા નહીં... સીધી લાઇન મેં બેઠો... ખડે પગે બૈઠો... મદારીના ખેલ શુરૂ હોતા હૈ... ચલે બચ્ચોં જોર સે તાલી બજાઓ... જોર સે.. બોલો તમે, અમ કાઢું કે ભમ? લાંબો કાઢું કે ટૂંકો? લાલ કાઢું કે કાબર ચીતરો...?'

નિરાલીએ મમ્મી-પપ્પા, દાદા-દાદી, મિત્રોને ઊભા પગે બેસાડી દીધેલા, વારે ઘડીએ તાલીઓ પડાવડાવી... આવડ્યા એવા ખેલ કર્યા.

મમ્મી પપ્પા, દાદા-દાદી એના ખેલમાં મશગૂલ બની ગયાં હતા.

નિરાલીની જેમ તેઓ પણ આજે ફરી માળપણ માણી રહ્યાં હતા.

'ચલો બચ્ચોં, તારી બજાઓ, જોર સે... હાસ્યના ફુવારાથી ઘર ગુંજી ઊઠ્યું.'

ચકડોળે ચઢ્યું મન મારું આઘુંપાછું, વિચારોના વમળોમાં અટવાતું રહ્યું

કાવ્યસેતુ

કરાર (અછાંદસ રચના)

આથી હું નામે કવિતા
મારું જાહેરનામુ અને
મારાં ઉપયોગ અંગેનો કરાર રજૂ કરું છું.
જો કોઇ માણસ વૃક્ષના પાનને જોઇ,
ફૂલની પાંખડીઓ જોઇ,
વ્યોમની પંચરંગી સંધ્યા જોઇ,
નદીઓની ઉછળકૂદ જોઇ,
દરિયાનો ઘુઘવાટ જોઇ,
પર્વતની શીખા જોઇ,
એક ક્ષણ પણ
ઉભો ના રહે,
અને પુરપાટ ગતિએ પોતાનું સ્કૂટર લઇને
નોકરીથી ઘર
ઘરથી નોકરી ભાગમદોડ જ કરી
જાણતો હોય તેની સમક્ષ
મને ક્યારેય ઊભી રાખશો નહી.
સમયની ભારેખમ સપાટી પર
ચાલતા ચાલતા જેઓ
ઓફીસ, ઘર, પાર્ટી, સિનેમા, ટીવી, સમારંભોમાં
જ રહે રચ્યોપચ્યો
જેને કોઇના આંસુ-અરમાન,
ઘા-ઘસરકા, સપના-વેદના,
સાંભળવાનો લગીરેય નથી સમય.
એ પથ્થરોના સમૂહ પાસે
મને ક્યારેય ઊભી રાખસો નહિ.
હા... હા... હા... ઠઠા મશ્કરી, ગંદી ગાળો,
વ્યસનથી ખટખટના ખતરનાક
ખેલ જે ખેલે શબ્દોથી
મીઠુ બોલીને જખ્મે છે શબ્દોથી
એ શબ્દના પાપી સામે
મને ક્યારેય મુકશો નહિ.
મને ક્યારેય ઊભી રાખશો નહિ.
નામદાર કોર્ટન મારી
સદરહુ અરજી મંજૂર છે ?

- સ્વાતિ શુક્લ

મારી કલમે રેલાય તું !

બુલ બુલના સુમધુર બોલમાં પડઘાય તું!
સિતારના રણઝણતાં તારમાં ઝણકાય તું!
નીત નવીન ખીલતી કળીઓમાં નિખરાય તું!
સરીજતાં મધુરાં સોનેરી સપને વિખરાય તું!
પાટલના છન-છન છનકારે છનકાય તું!
ઘૂંઘટમાં શરમે ઢળ્યે રવે રવે રેલાય તું!
કલાપીના કેકારવના રોશનીમાં ફેલાય તું!
સૂરસંગીતની મધુર લહરે લહેરાય તું!
વિંઝાતા વસમા વિજોગના વાયરે વ્હેરાય તું!
અમીધારે છલકતા નેણકૂપે છલકાય તું!
મનના છલકતા મહેરામણે હલકાય તું!
વસંતના વિંઝાતા રૂડા વિંઝણામાં વિંઝાય તું!
ઘોર ઘૂરવતા દધિ ઘૂઘવાટે ઘૂઘવાય તું!
સૂરમાં આંજેલી મદિલી આંખમાં ઝલકાય તું!
પ્રેમ પનઘટે પનિહારીની હેલે છલકાય તું!
કરમાતી કલીઓના ક્રંદનમાં ઓજપાય તું!
ડસીલી નાગણના નાગપાશમાં જકડાય તું!
કવિતાદેવી તુને આરાધું ને વધુ રિસાય તું!
મથી મથી થાકું તોયે કેમે કરી ન રિઝાય તું!

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
શબ્દ સેતુ

સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'

હવે કેમ કરું તો, આવીને હૈયે હરખાય તું!
શું ધરૂં તવ ચરણે, તો મારી કલમે રેલાય તું!
નભનો કરી કાગળ, લૌ દધિશાહી જો રિઝાયે તું!
મેરૂના કિત્તે નિદશિન હું લખું, જો સૂઝાયે તું!

- મૂળજીભાઇ પરમાર 'દધિ'

વિલોપન

ચકડોળે ચઢ્યું મન મારું આઘુંપાછું,
વિચારોના વમળોમાં અટવાતું રહ્યું,
તારા સાંનિધ્યની રાહમાં શેકાતું રહ્યું
પાવક પ્રેરક પંથ પ્યારમાં પેખાતું રહ્યું,
પંખોને ફફડાવતું ગ્રીષ્મની ધખતી ધરામાં,
રૂડિયાને ફંફોળતું વ્હેતું સરિતા વ્હેમણાં
અંતરનાં અમી ભાંજાતાં ધ્રપતી ધરામાં,
કાયા કોડિયાની વાટ ધૃત પવાલીમાં.
વિહ્વળતા વાયુની વસુધા વિશે વ્યોમમાં,
સંકુલતા સંકિર્ણતા સમીપ્યની શોધમાં,
કેમ કરી વધવું પામવા પુષ્પવા વ્યોમમાં,
કે પછી પંચમહાભૂત સાયુજ્ય વિશ્વમાં.

- સુમંતભાઇ મં. શાહ

દરિદ્ર નારાયણ સંવાદ

દરિદ્ર :

બાકસમાં મારા રોજ ક્યાં હોય છે દિવાસળી
માંડમાંડ ચૂલો સળગાવું કેમ પેટાવું ધૂપસળી?
મહામહેનતે બે ટંકનો રોટલો માંડ ભાળું
પછી કેમ તારા ભોગ માટે હું વિચારું!
જૂનાં પુરાણાં કપડાં સંતાનોને માંડ પહેરાવું
પછી હું કેમ તારા વાઘા વિશે વિચારું!
હું રહ્યો અભણ ગામઠી બોલી જ જાણું
પછી હું કેમ આરતિ ભજન લલકારું!
મજૂરી કરવા ખાડા ટેકરા, ભેખડે ભટકાવું
થાકીને થાઉં લોથપોથ કેમ હું જાત્રાનું વિચારું!
આવે છે મારી જીવણ કથની નથી કહેતો લાચારી
આતો મારી મર્યાદાઓ છે જે સાચેસાચ જણાવી

નારાયણ -

તારા સળગતા ચૂલામાં નિસ્તુ હવનનો અગ્નિકુંડ
તારા વિચારોમાં આવે છે ધૂપસળની સુગુંધ
તારા પેટ ભરવાના હોટલોમાં નિહાળું છપ્પનભોગ
તારા કુટુંબની પેટપૂર્તિથી હું અનુભવું ગજબની તૃપ્તિ
સંતાન તારા જયારે જયારે ઢાંકે છે તેમનાં તન
મારા માટે ને જરકસી જામા પ્રસન્ન થાય છે મન
તારા તળપદી બોલી મને લાગે છે ખૂબ વ્હાલી
સ્તુતિ આરતિ ભજન બધું જ લઉં છું માની
તારી રોટલા માટેની રઝળપટને વ્રજ પરિક્રમાનું માનું
તારા પરસેવાના ટીપાંને મુજ પર અભિષેક જાણું
સુણી મેં તારા જીવનકથની જે સાચે જ છે કર્મયોગ
વસુ હું તારા અંતરમાં પાર્થ કે તુંજમાં નહીં કોઇ ભેદ

- એન. ડી. જોષી

વિભાવરી

દિનભર કનકમય જયોતિ અર્પી, ઠમકતો જયોતિધર,
ગળતો ગળતો આભ કેરો આંચલ શોધતો,
દૂર દૂર ક્ષિતિજે પે -
અસ્તિ મિટાવી અમરત્વ પામતો.
છપિટ એની બિડાઇ, લીધી લગામ શશીએ,
ઝરમર ઝરમર ચાંદની ઝરે, શીબુડી છાંય નરી માદકતા વેરે
તરુવર મસ્ત બની ગર્વથી ડોલે
ડરપોક સુંધાશું! બીહતો બીહતો પૃથ્વીની છોડમાં -
અંકાતો લોપાતો
પીંગળતો પીંગળતો ખસતો
જાણે અંતિમ શ્વાસ લેતો
તારકદીપ કેરી જયોતિ ખરતી
પ્રહર વિવતો જાય તેમ વિભારવી બને બહાવરી
અનંત ઓચ્છવ ઘનઘોર લાગે
ભેંકાર અવની ખાઉધર બની
ખાય બગાસુ જાણે ધરતીકંપ!
ગંભીર હવા રૂદ્ર બને,
થર થર કાયા થથરે
આછા આછા અધર ફરકે
મેઘામ્બર સર્વત્ર ભાસે
શ્યામરંગી ઓઢણું નજરાણું બને.

- કે. કે. પટેલ

આપણી નજર સમક્ષ એવું એવું બને છે જયાં આપણે કંઇ નથી કરી શકતા, મનને મનમાં સમસમી જઇએ

સદમો આઘાત
લઘુ કથા

- અનંત વ્યાસ

'કેમ છો ભાભી?' મેં મળવા આવેલા મિત્ર-પત્નીને પુછ્યું.

'ભાભીને તો પાણાય નથી પડતા... પણ આ તમારા ભાઇ - શું થયું છે અમારા ભાઇને.'

જુઓને, બે દિવસથી સાવ સૂનમૂન થઇ ગયા છે. તમામ હોશ-કોષ ઊઠી ગયા છે. વારેવારે નિસાસા નાખે છે. મારું જીવન સાવ એળે ગયું... હાય.. પ્રભુ.. ક્યારે તો કપાળ ફૂટે... કોણ જાણે શું થઇ ગયું છે?

'તે શું ક્યાંક બહાર ગયા હતા?'

'હાં, શ્રાવણ-માસમાં ડાંગના જંગલમાં ફરવા જાય છે. નવી નવી વનસ્પતિ શોધે છે... દર વખતે તો આવે ત્યારે આનંદમાં હોય... પણ આ વખતે કંઇક એવું બન્યું છે. જરા તમે આવીને સમજાવો ને....'

મિત્રો યજ્ઞેશને શું થયું છે તે જાણવા ભાભી સાથે હું તેને ત્યાં ગયો. ત્યાં ગયો ને જોયું તો યજ્ઞેશ પુસ્તકો ઉથલાવતો હતો. 'આ બધું નકામું છે... સાવ નકામું... એ બબડ્તો હતો.'

શું બબડ્યો હતો.

શું નકામું છે યજ્ઞેશ? મેં તેના ખભે હાથ મુકી પુછ્યું...

કંઇ વાત તો કર...

'લે તને વાત કરું' તને યાદ છે આપણે નવમાં ધોરણમાં ભણતાં - ત્યારે એક કવિતા બહુ ગમતી..'

કંઇ કવિતા કઇ પંક્તિ? આજની તેની સ્થિતિ તથા કવિતા વચ્ચે શું સંબંધ છે. તે મને ન સમજાયું...

'પેલી - આપણને ગમતી પંક્તિ' જીવવા નહિ તો મરવા, કોઇ ભવ્ય પ્રસંગ હે પ્રભુ હે..

'અરે આતો પાઠક સાહેબનું કાવ્ય - પ્રભુ જીવન દે' પણ... તને એ કેમ યાદ આવી.

ભગવાને મને તેવો મોકો આપ્યો હતો. પણ હું અભાગી તક ન ઉઠાવી શક્યો...

કેવો પ્રસંગ જરા વિગતે વાત કર તો જાણ થાય.'

સાંભળ - આ વખતે હું નવસારી પાસેનાં જંગલમાં ફરવા ગયો હતો. ત્યાં એક ધોધ પડે છે. ધોધ પડવાથી નીચે કુવા જેવું ઊંડાણ થઇ ગયું છે. ત્યાં નાવા પડવું જોખમ... મને તો તરતાં ન આવે તેથી નદી કિનારે ફરતો હતો ત્યાં બે શહેરી જુવાનિયા આવ્યા. પાણી દેખી ગાંડા થયા હોય તેમ, હું ચેતવું તે પહેલાં તો પાણીમાં ઝંપલાવ્યું. પણ થોડીવારમાં જ બંનેને ભાન થઇ ગયું એક તો તડફડતો કાંઠે આવી ગયો. પણ બીજો - ઉપરથી પડતાં પાણીમાં મારે ખેંચાઇ ડૂબવા લાગ્યો. હું તેનાથી માત્ર દસ જ ફૂટ દૂર ઊભો હતો. તેણે હાથ ઊંચો કરી - મારી સામે જોયું બચાવો બચાવોની બૂમો પાડી. હું બે ડગલાં આગળ ધસ્યો ને મને યાદ આવ્યું. મને ક્યાં તરતાં આવડે છે ને હું થંભી ગયો. પેલાનું માથું પાણી બહાર આવ્યું હજી તેને બાન હતું તેણે ફરી મારી સામે જોયું. હાથ ઊંચા કર્યો. તેનો ભયગ્રસ્ત ચહેરો દયામણી આંખો મારા કાળજામાં કોતરાઇ ગયા... પણ હું લાચાર હતો. મેં પણ બૂમો પાડી. પણ આસપાસ કાં ન હતું. એક જીવતો જાગતો યુવાન મારી નજર સમક્ષ પાણીમાં ગરકાવ થઇ ગયો. તેનો બચવા માટેનો છેલ્લો તડફટાટ... હું ન કંઇ કરી શક્યો... બસ...

(અનુસંધાન પાના નં. ૬ પર)